# વિજ્ઞાનવાણી

[A PUBLICATION OF COMMUNITY SCIENCE CENTRE, VADODARA.]

વર્ષ : ૭ અંક : ૨

એપ્રિલ- જૂન-૨૦૦૮

સળંગ અંક : ૨૯



"LOK VIGNYAN BHAVAN"

Aarti Society, Atmajyoti Ashram Road, Subhanpura, Vadodara-390 023.

Ph. : 0265-2389749 email : cscvadodara@yahoo.co.in Website : www.cscvadodara.org

# PROFILE IN SCIENCE



## GIOVANNI DOMENICO CASSINI

( JUNE 8, 1625 - SEPTEMBER 14, 1712 )

*was an Italian mathematician, astronomer, engineer, and astrologer. Cassini, also known as **Giandomenico Cassini,** was born in Perinaldo, near Sanremo, at that time in the Republic of Genoa.*

### *Astronomer*

*Cassini was an astronomer at the Panzano Observatory, from 1648 to 1669. He was a professor of astronomy at the University of Bologna and became, in 1671, director of the Paris Observatory. He thoroughly adopted his new country, to the extent that he became interchangeably known as Jean-Dominique Cassini —although that is also the name of his great-grand-son.*

*Along with Robert Hooke, Cassini is given credit for the discovery of the Great Red Spot on Jupiter (ca. 1665). Cassini was the first to observe four of Saturn's moons, which he called Sidera Lodoicea; he also discovered the Cassini Division (1675). Around 1690, Cassini was the first to observe differential rotation within Jupiter's atmosphere.*

*In 1672 he sent his colleague Jean Richer to Cayenne, French Guiana, while he himself stayed in Paris. The two made simultaneous observations of Mars and thus found its parallax to determine its distance, thus measuring for the first time the true dimensions of the solar system.*

*Cassini was the first to make successful measurements of longitude by the method suggested by Galileo, using eclipses of the satellites of Jupiter as a clock.*

### *Astrologer*

*Attracted to the heavens in his youth, his first interest was in astrology rather than astronomy. Later in his life he focused almost exclusively on astronomy alone and all but denounced astrology as he became more and more involved in the Scientific Revolution. While young he read widely on the subject of astrology, and soon he was very knowledgeable about it; it was his extensive knowledge of astrology that led to his first appointment as an astronomer.*

(Continued on page-20)

*Partial Financial Support for the publication of this issue has been provided by the Council of Scientific & Industrial Research (CSIR).*

# વિજ્ઞાન વાણી

(A Publication of Community Science Centre, Vadodara)


## અનુક્રમણિકા


| વિષય | પેજ નંબર |
|---|---|
| ૧. PROFILE IN SCIENCE | કવર પેજ |
| GIOVANNI DOMENICO CASSINI | ૨, ૩ |
| ૨. તંત્રી લેખ ◆ આર. ડી. શાહ | ૧ |
| ૩. ભારતનો ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ યાન PSLV | ૨ |
| ૪. ચાલો પ્રયોગ કરીએ-સિક્કાને પ્યાલામાં પાડવો ◆ હર્ષાંગી યાજ્ઞિક | ૩ |
| ૫. ગ્લોબલ વોર્મિંગ અને જળ સમસ્યા ◆ રજની દવે | ૪ |
| ૬. Know Your Water ◆ Satish Shah | ૭ |
| ૭. વિજ્ઞાન ક્વીઝ | ૧૦ |
| ૮. Climate Change – Question and Answer | ૧૧ |
| ૯. આપણી પૃથ્વી (EARTH) | ૧૨ |
| ૧૦. ગણિત ગમ્મત ◆ મનીષ સોની | ૧૩ |
| ૧૧. સંસ્થા સમાચાર ◆ હર્ષાંગી યાજ્ઞિક | ૧૪ |
| ૧૨. ચત્મકારોની ભીતરમાં ◆ દિનેશ ગાંધી | ૧૫ |
| ૧૨. Benefits of Nuclear Energy | ૧૬-૨૦ |


**અંક પ્રકાશિત કર્યાની તારીખ : ઓગસ્ટ-૨૦૦૮**


**તંત્રી :**

**આર. ડી. શાહ**

**સહતંત્રીઓ :**

**દેવ ચાવડા ◆ હર્ષાંગી યાજ્ઞિક**

**ચિરાગ બી. પટેલ** (U.S.A) E-mail:chipmap@123india.com

**સંપાદક મંડળ**

**ડૉ. બી. જી. દેસાઈ**

**ડૉ. એન. એમ. ભટ્ટ ◆ ડૉ. મધુબેન શાહ**

**તજજ્ઞ મંડળ**

**ડૉ. ગોરધનભાઈ એન. પટેલ** (U.S.A)
જૈવરસાયણ શાસ્ત્રી E-mail:gnpatel@ix.netcom.com

**પ્રો. એન. વી. પટેલ** (ગણિત શાસ્ત્રી)
ભૂતપૂર્વ ડીનઃ ફેકલ્ટી ઓફ સાયન્સ એમ.એસ. યુનિ., વડોદરા.

**ડૉ. અરૂણ આર્ય** એમ. એસ. યુનિવર્સીટી, વડોદરા.

**ડૉ. શમિતા અમીન** (તબીબ)

**શ્રી જે. વી. જોશી**

**કલા નિદર્શન : શ્રી નિતીન મરચન્ટ**


## તંત્રી લેખ

સુજ્ઞ વાચક મિત્રો,

વિજ્ઞાનવાણીનો ૨૬મો અંક આપની સમક્ષ રજૂ કરતાં ખૂબ આનંદ થાય છે. આ ત્રિમાસિક સામાયિક દ્વિભાષી- ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં વિજ્ઞાન અને ટેકનોલોજીના લેખો પ્રકાશિત કરે છે. પ્રથમ 'વિજ્ઞાન જ્યોત' અને ત્યાર પછી 'વિજ્ઞાન વાણી' છેલ્લા ૧૬ વર્ષથી નિયમિત રીતે પ્રકાશિત થાય છે. કોઈપણ આર્થિક લાભ વિના નિઃસ્વાર્થ વિજ્ઞાન પ્રેમીઓના સાથ-સહકારથી લોકવિજ્ઞાન કેન્દ્ર, વડોદરા દ્વારા વિજ્ઞાન પ્રસાર-પ્રચારના ઉદેશ્યથી આ સામાયિક પ્રકાશિત થતું આવ્યું છે. તે વડોદરા જિલ્લાની ૭૫૦ શાળાઓમાં મોકલવામાં આવે છે, અને હજી તેનો વિશેષ પ્રચાર થાય તેવી આશા રાખું છું.

આપણા દેશે તા. ૨૮-૦૪-૨૦૦૮ના રોજ ધૃવિય ઉપગ્રહ પ્રક્ષેપણ યાન-PSLV-C-9 દ્વારા મિશન અંતર્ગત ભારતીય રીમોટ સેન્સિંગ ઉપગ્રહ કોટોર્સેટ-2A, IMS-1 અને વિદેશના ૮ (આઠ) નેનો ઉપગ્રહ મળીને ૧૦ (દસ) કૃત્રિમ ઉપગ્રહોને અંતરિક્ષમાં સફળતાપૂર્વક પ્રક્ષેપિત કર્યા. આપણા દેશ માટે આ એક અભૂતપૂર્વ સફળતા કહી શકાય. બીજી બાજુ ટેકનોલોજીનો દુરૂપયોગ કરી તાજેતરમાં જ બેંગ્લોર, અમદાવાદ જેવા કાર્યરત શહેરોમાં બોમ્બ વિસ્ફોટ જીવલેણ બની રહ્યા છે. આપણે બધાએ સાવચેત અને સજાગ થવાની જરૂર છે.

વિશ્વમાં જળ પ્રાપ્તિની સમસ્યા કંઈ નવી નથી વિશ્વના ૪૦% લોકોને પાણીની અછત ભોગવવી પડે છે ગ્લોબલ વોર્મિંગના કારણે જળ પ્રાપ્તિ પર વિવિધ પ્રકારની અસરો જોવા મળી રહી છે. અને હજી વધારે જોવા મળશે. પૃથ્વીના વધતા તાપમાનને કારણે વરસાદની અનિયમિતતા વધી છે.

જ્ઞાનની કસોટી કરતા લેખો વિજ્ઞાન ક્વીઝ અને "Climate Change"ની પ્રશ્નોત્તરીના જવાબો શોધવાનું ચુકશો નહિ. અંધશ્રદ્ધા અને વિજ્ઞાનના નિયમોના ઉપયોગથી ચમત્કારોનો ભાંડો ફોડવામાં ચમત્કારોની ભીતરમાં આપણને સાચું રહસ્ય સમજાવી જાય છે. વિદ્યાર્થી મિત્રો સિક્કાને પ્યાલામાં નાંખી પ્રયોગ દ્વારા જડત્વના ગુણવધર્મને સમજજો. Profile In Scienceમાં અતિ સુંદર ગ્રહ શનીના વલયોના અંતરની સમજણ આપનાર Giovanni Cassini વિશે સારી માહિતી મળે છે.

આપ સર્વે વાચકમિત્રો આપના પ્રતિભાવો મોકલતા રહેશો. જે અમારા માટે કાર્યપોષક બની રહેશે અને વિજ્ઞાનવાણીને વૈવિધ્યસભર બનાવવામાં મદદરૂપ થશે

જય વિજ્ઞાન..... અસ્તુ.....

તંત્રી : આર. ડી. શાહ

# ભારતનું ધ્રૂવિય ઉપગ્રહ પ્રક્ષેપણ યાન –PSLV

...✍ જીતેન્દ્ર ખર્ડે

ભારતે તા. ૨૮ એપ્રિલ ૨૦૦૮ના રોજ સંપૂર્ણપણે દેશમાં જ નિર્મિત પોતાના પીએસએલવી-સીલ ઉપગ્રહ પ્રક્ષેપણ યાન દ્વારા એક જ મિશન અંતર્ગત ભારતીય રિમોટ સેન્સીંગ ઉપગ્રહ કોર્ટોસેટ-(2A), આઇ.એમ.એસ.-1 (INDIAN MINI SATELLITE-1) અને વિદેશનાં આઠ નેનો ઉપગ્રહો મળીને કુલ દસ કૃત્રિમ ઉપગ્રહોને અંતરિક્ષમાં સફળતાપૂર્વક પ્રક્ષેપિત કર્યા. આ પહેલા રશિયાએ મહત્તમ આઠ ઉપગ્રહોને એક સાથે અંતરિક્ષમાં સ્થાપિત કર્યા હતા એટલે ભારત માટે આ એક અભૂતપૂર્વ સફળતા કહેવાય. આ પ્રકારની ક્ષમતા હાલમાં દુનિયાનાં ચારથી પાંચ દેશો પાસેજ છે. જેમાં હવે ભારત પણ શામિલ થયું છે.

સન્ ૧૯૬૧માં દેશના પરમાણું ઉર્જા વિભાગ (DAE)ને દેશનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને ઔધોગિક વિકાસ માટે બાહ્ય અવકાશનો (OUTER SPACE) ઉપયોગ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું તેના આશરે એકાદ વર્ષ બાદ ડો. વિક્રમ સારાભાઈની અધ્યક્ષતા હેઠળ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ની સ્થાપના કરવામાં આવી હતી. તા. ૨૧મી નવેમ્બર ૧૯૬૩ના દિવસે કેરળના ત્રિવેન્દ્રમ નજીક થુંબા ખાતેના વિષુવવૃત્તિય રોકેટ પ્રક્ષેપણ કેન્દ્ર (TERLS) પરથી RH200 પ્રકારનાં સાઉંડિંગ રોકેટને અંતરિક્ષમાં સફળતાપૂર્વક પ્રક્ષેપિત કરી ભારતે અંતરિક્ષ યુગમાં પ્રવેશ કર્યો હતો. આજે દેશે અંતરિક્ષ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ખુબ જ ઝડપથી પ્રગતિ કરી છે. પીએસએલવી પ્રક્ષેપણ યાનના વ્યાવસાયિક પ્રક્ષેપણથી ભારત, અમેરિકા, રશિયા અને ફ્રાન્સની હરોળમાં આવી ગયું છે.

દેશની દૂરસંચાર, ટેલિવિઝન પ્રસારણ, ભૂમિ-સર્વેક્ષણ, કૃષિ, સંરક્ષણ, શિક્ષણ અને ચિકિત્સા સેવાઓ માટે વિવિધ પ્રકારના બહુ ઉદ્દેશિય કૃત્રિમ ઉપગ્રહોના વિકાસ અને નિર્માણ કરવાની અને તેમને પોતાના જ દેશમાં નિર્મિત પ્રક્ષેપણ યાનો દ્વારા સફળતાપૂર્વક અંતરિક્ષમાં પ્રસ્થાપિત કરવાની સંપૂર્ણ જાણકારી ભારતે આજે હાંસલ કરી લીધી છે. ભારતના PSLV અને GSLV પ્રકારના સંપૂર્ણ સ્વદેશી ઉપગ્રહ પ્રક્ષેપણ યાનોએ દેશના અને વિદેશમાં કૃત્રિમ ઉપગ્રહોને સફળતાપૂર્વક અંતરિક્ષમાં સ્થાપિત કરી આંતરરાષ્ટ્રિય ખ્યાતી પ્રાપ્ત કરી છે.

પીએસએલવી-સીલ પણ પીએસએલવી શ્રેણીનું તેરમું (THIRTEENTH) અને ભારતના વ્યાવસાયિક પ્રક્ષેપણ સેવા માટેનું બીજું ઉડ્ડયન છે. જેને કાર્ટોસેટ - 2-A અને અન્ય ઉપગ્રહોને એકી સાથે પૃથ્વીથી ૬૩૫ કિ.મી.ના અંતરે પૃથ્વીની ધ્રૂવિય સૂર્ય ગોળાકાર ભ્રમણકક્ષા (POLAR SUN SYNCHRONUS ORBIT)માં સફળતાપૂર્વક સ્થાપિત કર્યા છે.

પીએસએલવી પ્રકારના પ્રક્ષેપણ યાનોનું નિર્માણ સામાન્યતઃ ૧૬૦૦ કિલોગ્રામ સુધીનું વજન ધરાવતા કૃત્રિમ ઉપગ્રહોને ૯૦૦ કિલોમીટરની ઉંચાઇએ પૃથ્વીની ધ્રૂવિય ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવા માટે નિર્ધારીત છે. જેની ઉંચાઇ ૪૫ મીટર (લગભગ 15 માળના મકાન જેટલી) અને પ્રક્ષેપણ સમયે તેનું કુલ વજન ૨૯૦ ટન જેટલું હોય છે. આ રોકેટ કુલ ચાર તબક્કાનું (FOUR STAGE) બહુચરણીય રોકેટ છે. તેના પહેલા અને ત્રીજા તબક્કામાં ઘન પ્રોપેલન્ટ (HTPB BASED) અને બીજા અને ચોથા તબક્કામાં તરલ પ્રોપેલન્ટ (LIQUID PROPELLANT)નો ઉપયોગ કરવામાં આવે છે. શરૂઆતમાં ઉડયન દરમ્યાન રોકેટને વધુ થ્રસ્ટની જરૂરિયાત હોવાથી પ્રથમ ચરણમાં ૬ વધારાના સ્ટ્રેપ ઓન બુસ્ટર રોકેટ જોડવામાં આવે છે. એક કરતા વધુ ઉપગ્રહોને એક સાથે પ્રક્ષેપિત કરવા રોકેટના ચોથા ખંડ (FOUR STAGE)માં બહુવિધ પ્રક્ષેપણ યંત્ર (MULTIPLE LAUNCH ADOPTER)નો ઉપયોગ કરવામાં આવે છે.

પીએસએલવી રોકેટનું પ્રથમ પ્રાયોગિક પ્રક્ષેપણ તા. ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના દિવસે

ઇસરોના સતિશ ધન અવકાશ કેન્દ્ર (SHAR) ખાતેથી કરવામાં આવ્યું હતું. જે નિષ્ફળ રહ્યું હતું. ત્યાર બાદ ૧૫મી ઓકટોબર ૧૯૯૪ના દિવસે પીએસએલવી ડી-૨ રોકેટ પ્રથમવાર ભારતના આઇ.આર.એસ. (INDIAN REMOTE SENSING SATELLITE)ને પૃથ્વીની ધૃવિય ગોળાકાર ભ્રમણકક્ષામાં આશરે ૯૦૦ કિ.મી. અંતરે સફળતાપૂર્વક પ્રક્ષેપિત કર્યો હતો. ત્યારથી આ શ્રેણીના પ્રક્ષેપણ યાનોએ આઇ આર એસ પ્રકારના આઠ અને અન્ય દેશોના ૧૦ થી વધુ લઘુ ઉપગ્રહોને સફળતાપૂર્વક તેમની નિર્ધારીત ભ્રમણકક્ષામાં સ્થાપિત કર્યા છે. આ સિવાય પીએસએલવી સી-૪ પ્રક્ષેપણ યાન દ્વારા ભારતના હવામાનની આગાહી માટેના કલ્પના-૧ (MATSAT)ને પૃથ્વીની વિષુવવૃત્તિય ભૂ-સ્થિર અંતરિય (GEO Snchronus Transfer Orbit) ભ્રમણ કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કર્યો હતો જે એક વિશેષ સફળતા હતી. ત્યાર બાદ તા. ૧૦-૧-૨૦૦૭ના દિવસે પીએસએલવી સી-૭ પ્રક્ષેપણ યાને ભારતના પુનરૂપયોગી પ્રક્ષેપણ યાન (Reusable Launch Vehicle) માટેના એસ.આર.ઇ. (SRE) કેપ્સુલને સફળતાપૂર્વક પૃથ્વીની નજીકની ભ્રમણકક્ષા (Low Earth Orbit)માં પ્રક્ષેપિત કર્યો હતો જે એક નવીન પ્રકારની ટેકનોલોજી હતી. આજ કેપ્સુલને ૧૩ દિવસ પછી પૃથ્વી પર પાછી લાવવામાં આવી હતી. આમ પીએસએલવી પ્રકારના પ્રક્ષેપણ યાનોએ ભારતને અંતરિક્ષ ટેકનોલોજી ક્ષેત્રે ખુબ જ જ્વલંત સફળતા અપાવી છે. આ સફળતાને ધ્યાનમાં રાખી આ વર્ષના અંતમાં પ્રસ્તાવિત ભારતના ખુબ જ મહત્વાકાંક્ષી પ્રોજેકટ ચન્દ્રયાન-૧ને ચંદ્રની ૧૦૦ કિ.મી.ની વર્તુળાકાર ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવા માટે પીએસએલવી યાનમાં જોઇતા સુધારા વધારા કરીને ઉપયોગમાં લેવાનો નિર્ણય લેવાઇ ગયો છે. ત્યાર બાદ ચન્દ્ર યાન -૨ને ચંદ્રની ધરતી પર ઉતારવાની યોજના છે. તેમાં પણ પીએસએલવી યાનની ભૂમિકા મહત્વની રહેશે.

# સિક્કાને પ્યાલામાં પાડવો

...✍ હર્ષાંગી યાજ્ઞિક

## ચાલો પ્રયોગ કરીએ અને પદાર્થના જડત્વના ગુણધર્મને (Innertia) સમજીએ

**સાધનો :**

(૧) એક પ્યાલો, વપરાયેલું પોસ્ટકાર્ડ, એક સિક્કો અથવા જાડો કાગળ

**શું કરશો :**

(૧) પોસ્ટકાર્ડને પ્યાલા ઉપર ઢાંકો. તેના મધ્યભાગ પર સિક્કો મૂકો.

(૨) ધીરે ધીરે કાર્ડને ખેંચો. તમે જોઇ શકશો કે સીક્કો પણ ખસે છે.

(૩) આકૃતિમાં બતાવ્યા પ્રમાણે આંગળી વડે કાર્ડને ઓચિંતો ધકકો મારો. તમે જોઇ શકશો કે કાર્ડ ફેંકાઇ જશે, પરંતુ સિક્કો પ્યાલામાં પડશે.

**પ્રશ્નો**

(૧) કાર્ડને ધીમેથી ખેંચતી વખતે સિક્કો પણ કાર્ડ સાથે કેમ ખેંચાય છે ?

(૨) કાર્ડને ઓચિંતો ધક્કો મારવા છતાં સિક્કો પ્યલામાં શાથી પડે છે ?



**સમજૂતી :**

(૧) કાર્ડ અને સિક્કા વચ્ચેના ઘર્ષણ બળને કારણે કાર્ડને ધીમેથી ખેંચવાથી તેની સાથે સિક્કો પણ ખેંચાય છે.

(૨) કાર્ડને ઓચિંતો ધક્કો મારવામાં આવે છે, ત્યારે જડત્વના ગુણધર્મને કારણે સિક્કો તેટલી ઝડપે ગતિ કરી શકતો નથી, માટે પ્યાલામાં પડે છે જડત્વનો ગુણધર્મ (Innertia) જયાં સુધી બાહ્ય બળ લગાડવામાં ન આવે, ત્યાં સુધી સ્થિર પદાર્થ સ્થિર અને ગતિમાન પદાર્થ ગતિમાં રહેવા પ્રયત્ન કરે છે.

# ગ્લોબલ વોર્મિંગ અને જળ સમસ્યા

...રજની દવે

વિશ્વમાં જળ પ્રાપ્તિની સમસ્યા કંઇ નવી નથી. ૧૯૯૫માં વિશ્વબેંકના તે વખતના ઉપપ્રમુખે કહ્યું હતું કે ૨૦મી સદીમાં તેલના કારણે ઘણાં યુદ્ધ થયાં છે પરંતુ ૨૧મી સદીમાં પાણીને લઇને યુદ્ધો થશે. વિશ્વના ૮૦ દેશોમાં ખેતી, ઉદ્યોગ અને ઘરવપરાશના પાણીની અછત છે. વિશ્વના ૪૦% લોકોને પાણીની અછત ભોગવવી પડે છે. આની આરોગ્ય પર પણ અસર થાય છે.

ગ્લોબલ વોર્મિંગના કારણે જળપ્રાપ્તિ પર વિવિધ પ્રકારની અસરો જોવા મળી રહી છે અને હજી જોવા મળશે. વધતા તાપમાનના કારણે વરસાદના પેટર્નમાં ફેરફાર થયેલો જોવા મળે છે. જે કંઇ ફેરફાર થાય છે તેને 'પેટર્ન' શબ્દ કહેવાય કે નહીં તે પણ મૂંઝવતો પ્રશ્ન છે. વર્ષ ૨૦૦૬માં રાજસ્થાનના બાડમેર વિસ્તારમાં ૭૫૦ મી.મી.નો વરસાદ પડ્યો, જે તે વિસ્તારના એવરેજ વરસાદ કરતાં પાંચ ગણો વધારે હતો. જ્યારે શિક્ષણકાળમાં વારંવાર સામે આવતું ૪૦૦ ઇંચ વરસાદવાળા ચેરાપુંજીનું ચિત્ર બદલાતું જોવા મળ્યું છે. આસામમાં પાણીની અછત જોવા મળી. કેટલાક જુદો મત ધરાવનારાઓએ કહ્યું કે રાજસ્થાનમાં આ રીતે વધુ વરસાદ પડવાનું ચક્ર ચાલતું આવે છે. એક વર્ષ સારો વરસાદ આવે અને ત્રણ ચાર વર્ષ દુષ્કાળનાં જતાં હોય છે. અને ૭૫-૧૦૦ વર્ષમાં એકવાર ખૂબ જ પ્રમાણમાં વરસાદ ખાબકી જતો હોય છે. પરંતુ આપણે વરસાદ કેવી રીતે પડ્યો તે પણ જોવું જોઇએ. બાડમેરમાં વર્ષ ૧૯૯૦માં ૭૨૦ મી. મી. અને વર્ષ ૧૯૯૪માં ૬૦૦ મી.મી. વરસાદ પડ્યો હતો. પરંતુ તે વરસાદી સીઝનમાં અલગ અલગ સમયે પડ્યો હતો જ્યારે ૨૦૦૬નો વરસાદ ટૂંકા ગાળામાં એક જ અઠવાડિયામાં પડેલો વરસાદ હતો. દેશના અન્ય ભાગોમાં પણ આવી રીતે ટૂંકા ગાળામાં જોરદાર વરસાદ પડ્યો હતો.

ટૂંકમાં આપણે એ સમજવાનું છે કે પૃથ્વીના વધતા તાપમાનને કારણે આપણે એવું બોલતા થઇ જઇશું, ‘‘ભાઇ વરસાદનો ભરોશો નહીં. પડે પણ ખરો, ન પણ પડે, કયારેક જળબંબકાર પણ કરી મૂકે.'' બાડમેરના રણ જેવા વિસ્તારમાં ભરાયેલા પાણી ૧૫' જેટલાં થઇ જાય તેવી કલ્પના કોણ કરી શકે ?

વર્ષ ૨૦૦૩ યુ.એન.ના વર્લ્ડ મટીરીઓલોજીકલ ઓર્ગેનાઇઝેશને ચેતવણી આપી હતી કે કલાઇમેટ ચેન્જના કારણે વાતાવરણમાં, ઋતુઓમાં આવી એકસ્ટ્રીમ ઘટનાઓનો સામનો કરવા જાગૃત રહેવાનું છે. IPCCના ચોથા રિપોર્ટમાં કલાઇમેટ ચેન્જના કારણે કયા કયા મહત્વના ફેરફારો થશે તેની નોંધ મૂકવામાં આવી છે.

(૧) પૃથ્વીના મોટા ભાગનાં ભૂભાગમાં દિવસો વધુ ગરમ રહેશે. ઠંડીના દિવસો ઓછા હશે. રાત્રી પણ ગરમ રહેશે. રાત અને દિવસ બંને જ ગરમ હોય તેવી ઘટનાઓ બનવા પામશે.

(૨) ગરમીના મોજાં મોટા ભાગના ભૂભાગ પર વારંવાર ફેલાયેલાં રહેશે.

(૩) જોરદાર વરસાદ પડવાની ઘટનાઓ વધશે.

(૪) દુષ્કાળનાં ક્ષેત્રો વધશે.

(૫) દરિયાકિનારે તોફાની સાયકલોન જેવી ઘટનાઓ વધશે.

(૬) દરિયાકિનારે ઊંચા મોજાઓ સર્જાશે.

આ બધી જ ઘટનાઓ એક સામટી થવા લાગશે તેવું નહીં બને. કેટલીક ઘટનાઓ સર્જાશે, કેટલીકની ઘણી શકયતા છે, કેટલીક કદાચ સર્જાય તેમ કહી શકાય.

આ બધાની જળપ્રાપ્તિ પર વિવિધ અસરો થશે. જે નીચે પ્રમાણે હશે :

(૧) જે નદીઓનાં પાણીના સ્ત્રોતનો મુખ્ય આધાર પર્વતો પરનો બરફ છે. તેના પાણીના જથ્થામાં કમી આવશે.

(૨) ગરમીના કારણે પાણીની માંગ વધશે. તેના કારણે કેટલાકને ભાગે શુદ્ધ પાણી ન પણ આવે. પાણીમાં લીલનો વિકાસ વધશે.

(૩) જ્યાં વધુ માત્રામાં જોરદાર વરસાદ પડશે ત્યાં પાણીની ગુણવત્તા બગડશે, ભૂજળનાં પાણી પણ દૂષિત થશે પરંતુ પાણી તંગી-ખેંચ દૂર થશે.

(૪) દુષ્કાળના વિસ્તારો જયાં સર્જાશે ત્યાં પાણીની ખૂબ ખેંચ રહેશે.

(૫) દરિયાકાંઠાના વિસ્તારોમાં ઊંચા મોજાં આવે કે સાયકલોન જેવા તોફાનો આવે ત્યાં ખારાં પાણી જમીન પર ફરી વળવાના કારણે પીવાના પાણીના પ્રશ્નો સર્જાશે, કયાંક ભૂતળનાં પાણી પણ ખારાં થશે.

આજે કેટલાક નદી આધારિત વસવાટોવાળા નદી ઘાટી વિસ્તારોમાં ૧.૪ અબજ લોકો રહે છે જે ઘાટીઓનો કુલ પાણી વપરાશ નદીમાંના કુલ પાણીના જથ્થા કરતાં વધારે હોય છે. આના કારણે ગ્રાઉન્ડવોટર મોટાપાયે ઉલેચાય છે. આવા પ્રદેશોમાં નદીની Ecologyને નુકસાન થાય છે. પ્રદેશની Ecology પણ ખોરવાય છે. ઉત્તર ચીનમાં નદીઓના બેહાલ થયા છે. ભૂગર્ભજળ ખૂટતાં દક્ષિણ એશિયા અને મધ્ય એશિયામાં પાણી અંગેના વિવાદોની સંખ્યામાં વધારો થયો છે.

જો પ્રતિવ્યકિત પ્રતિવર્ષ આપણે ૧૦૦૦ કયુબિક મીટર પાણીની જરૂરિયાતને ધ્યાનમાં લઇએ તો વર્ષ ૨૦૮૦ સુધીમાં પાણીની હાડમારી ભોગવતી સંખ્યામાં એક અબજ ૮૦ લાખ લોકોનો વધારો થશે. મિડલ ઇસ્ટના ૧૪ દેશોમાંથી ૯ દેશોમાં લોકોને જરૂરી પાણી મળતું નથી. ઇજીપ્ત, ઇઝરાઇલ, જોર્ડન, લેબેનોન, પેલેસ્ટાઇનમાં વરસાદની માત્રા ઘટશે. ઊંચા ઉષ્ણતામાનના કારણે નદીઓમાં વહેતું પાણી ખૂટશે.

(૧) લેબોનમાં ૧.૨° સે.નો વૈશ્વિક ઉષ્ણતામાનનો વધારો પાણીની ઉપલબ્ધિમાં ૧૫ % કાપ સર્જશે.

(૨) ઉત્તર આફ્રિકામાં થોડોક ઉષ્ણતામાનનો વધારો પાણીની ઉપલબ્ધિ પર અસર કરશે. ૧°સે.નો તાપમાનનો વધારો ૧૦% પાણીની ઉપલબ્ધિ ઓછીકરશે. દર વર્ષે એક મોટા ડેમ જેટલું પાણી ઓછું મળશે.

(૩) સીરિયાના પાણીના પ્રાપ્ત જથ્થામાં વર્ષ ૨૦૨૫માં ૫૦ % કાપ સર્જાશે.

મીડલ ઇસ્ટમાં પાણી ઉપરના ભારણનાં અનેક કારણો હોય છે. જનસંખ્યાનો વધારો, વધતું ઔદ્યોગિકીકરણ, સિંચાઇની વધતી માંગ, આંતરરાષ્ટ્રિય નદીઓ સાથે સર્જાયેલા વિવાદો વગેરે પ્રશ્નો પણ આ સાથે જોવા જોઇએ.

## ગ્લેસિયર્સ સાથે સંકળાયેલા પ્રશ્નો

ગ્લેસિયર્સ ઓગળવાના કારણે વિશ્વના ૪૦% લોકો માટે પાણીનો પ્રશ્ન સર્જાશે. આ પશ્નનું સ્વરૂપ કયારે, કેટલું હશે તે કહી શકાય તેમ નથી. પરંતુ પ્રશ્ન ગંભીર સ્વરૂપ પકડે તે સમય દૂર નહીં હોય, ગ્લેસિયર્સ ઓગળવાના દરમાં ખાસ્સો વધારો થતો જાય છે.

હિમાલયના ૨૪૦૦ કિલોમીટર લંબાઇમાં આવેલા પર્વતો પરનો ઓગળતો બરફ ઘણા બધા પ્રશ્નો સર્જશે. શિયાળાની સીઝનમાં પાણી બરફના સ્વરૂપમાં પર્વતો પર જમા થાય છે. ઉનાળામાં તે ઓગળીને નદીઓમાં ઠલવાય છે. હિમાલય શબ્દ જ બરફના સંગ્રહસ્થાન ઉપરથી બન્યો છે. પૃથ્વીના બે ધ્રુવ સિવાયનો સૌથી વધુ બરફ હિમાલય પર જમા થાય છે. પરંતુ આ બરફ જમા થવાના જથ્થામાં પ્રતિ વર્ષ ૧૦ થી ૧૫ મીટરની કિનારી અંદર તરફ ઓછી થતી જાય છે.

જે રીતે અત્યારે ગ્લેસિયર્સ ઓગળી રહી છે તે જોતા ચીનની ટીએનશાન સહિતની ગ્લેસિયર્સ વર્ષ ૨૦૬૦ સુધીમાં ૨/૩ ભાગ ઓગળી ગઇ હશે. અને વર્ષ ૨૧૦૦ સુધીમાં સંપૂર્ણપણે ઓગળી ગઇ હશે.

ગંગોત્રીના હિમશિખરો પ્રતિવર્ષ ૨૩ મીટરના દરે સંકોચાઇ રહ્યાં છે. આના કારણે ગંગાકિનારે વસનારા તેમજ ગંગાના જળ આધારિત જીવવાવાળા ૫૦ કરોડ લોકોને પાણીની તકલીફ ભોગવવી પડશે. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ સંસ્થાએ સેટેલાઇટ દ્વારા લીધેલાં ચિત્રો પરથી ખ્યાલ આવે કે ૪૬૬ ગ્લેસિયર્સની સાઇઝમાં ૨૦%નો ઘટાડો થયો છે. ચીનની યલો અને યાંગત્સે નદીને પાણી આપતી ગ્લેસિયર્સ પ્રતિ વર્ષ ૭% ના દરે ઓગળી રહી છે. જો પૃથ્વીનું તાપમાન ૨° સે.નો વધારો

પાર કરી જશે પછી તો ગ્લેસિયર્સ ખૂબ મોટા જથ્થામાં ઓગળી જશે.

ગ્લેસિયર્સ ઓગળીને બનતાં તળાવોના પાણીના નિકાલના રસ્તા પર કયારેક બરફની શિલાઓ કે અન્ય અવરોધ આવી જતાં હોય છે. આના કારણે એક ડેમ જેવું સ્વરૂપ બંધાઇ જાય છે અને જયારે આ અવરોધ હટે ત્યારે એકદમ મોટા પાયા પર રેલ આવે છે. નેપાળ આવી દુર્ઘટનાઓનું ભોગ બનતું હોય છે.

એશિયાની સાત મોટી નદીઓ બ્રહ્મપુત્રા, ગંગા, હ્યુઆંગહો (HuangHo) સીંધુ, મેકોંગ, સાલવીન અને યેંગત્સેમાં ગ્લેસિયર્સના ઓગળવાની ઘટના ૨ અબજ લોકોને માટે પાણી અને અનાજ પ્રાપ્તિની સમસ્યા સર્જશે.

(૧) સીંધુ નદીમાં ૯૦% પાણી હિમાલયના ઉચ્ચ શિખરો પરથી આવે છે. વર્ષ ૨૦૮૦ સુધીમાં આના કારણે ૭૦% પાણીનો જથ્થો ઓછો થઇ જશે.

(૨) ગંગાના જુલાઇ - સપ્ટેમ્બર માસના પ્રવાહમાં ૨/૩ જેટલો ઘટાડો થશે. આના કારણે ૫૦ કરોડ લોકો માટે પાણીનો પ્રશ્ન પેદા થશે. દેશની ૩૩% જમીન માટે સિંચાઇનો પ્રશ્ન સર્જાશે.

(૩) વર્ષ ૨૦૫૦માં બ્રહ્મપુત્રાના પાણીના પ્રવાહમાં ૧૪ થી ૨૦%નો ઘટાડો થશે.

(૪) મધ્ય એશિયામાં ગ્લેસિયર્સ ઓગળવાના કારણે અમુદરિયા અને સ્યારદરિયા નદીના પાણીના જથ્થામાં પણ ઘટ પડશે, જેના કારણે ઉઝબેકિસ્તાન અને કઝાકસ્તાનમાં સિંચાઇના પાણીમાં ઘટાડો થશે.

લેટીન અમેરિકામાં પણ ગ્લેસિયર્સ ઓગળી રહી છે. ટ્રોપિકલ એન્ડસ (Andes)ના ૨૫૦૦ ચોરસ કિલોમીટરમાં ગ્લેસિયર્સ આવેલી છે જેનો ૭૦% ભાગ પેરૂમાં અને ૨૦% ભાગ બોલીવીયામાં આવેલ છે. પેરૂમાં ગ્લેસિયર્સનો ઘટાડો ૨૦ થી ૩૦ જેટલો થયો છે.

## દરિયામાં પરિવર્તનોની જળ પ્રાપ્તિ પર અસર

વાતાવરણનું ઉષ્ણતામાન વધવાથી સાયકલોન, ટાયફૂન, હરિકેન જેવા તોફાનો વધુ તીવ્રતાવાળાં, વધુ ગતિવાળાં અને વધુ વરસાદ સાથેનાં હશે. દરિયાઇ ચક્રવાતો દરિયામાંથી જ ઊર્જા મેળવીને શક્તિશાળી બનતા હોય છે. છેલ્લાં ૩૦ વર્ષમાં ઉષ્ણકટિબંધ વિસ્તારમાંના ચક્રવાતોની શક્તિ બમણી બની છે. ગ્લોબલ વોર્મિંગની ૮૦ ટકા ગરમી દરિયો શોષી લે છે. આના કારણે તેના કદમાં વધારો થાય છે. વિવિધ પરિવર્તનોના કારણે વિશ્વમાં વિવિધ લોકોને ઘણી હાડમારી ભોગવવાની થશે.

(૧) ૩૪ કરોડ ૪૦ લાખ લોકો સાયકલોનની અસર તળે આવશે

(૨) ૫૨ કરોડ ૧૦ લાખ લોકો વરસાદી રેલનો ભોગ બનશે.

(૩) ૧૩ કરોડ લોકો દુષ્કાળના ભોગ બનશે.

(૪) ૨૩ લાખ લોકો લેન્ડ સ્લાઇડના ભોગ બનશે.

(૫) આફ્રિકામાં ૨૦૨૦માં ૭ કરોડ ૫૦ લાખથી ૨૫ કરોડ લોકોને પાણીનો પ્રશ્ન સતાવશે. ૨૧મી સદીના અંતે દરિયાની સપાટી ઊંચી આવતાં દરિયાકિનારાના ઓછી ઊંચાઇવાળા વિસ્તારો અસર પામશે. વિઘાતક અસરોથી બચવા GDPના ૫ થી ૧૦% ખર્ચ તેની પાછળ કરવો પડશે.

(૬) ભારતમાં કુલ ૨૩ બંદરો પર સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા દરિયાના પાણીની ભરતી વખતની સપાટી માપવાના ગેજ મૂકેલા છે. ઓરિસ્સા અને પ. બંગાળમાં જો ૧ મીટર દરિયાના પાણી ચઢે તો ૧૭૦૦૦ ચો. કિલોમીટર વિસ્તાર ડૂબી જાય. ભારતના દરિયાકિનારાની ૫ લાખ ૭૧ હજાર હેકટર જમીન ડૂબમાં જાય અને ૭૧ લાખ લોકોને તેની અસર થાય. ગુજરાતમાં ૧ લાખ ૮૧ હજાર હેકટર જમીન ડૂબમાં જાય અને તેની અસર ૪ લાખ ૪૧ હજાર લોકો પર પડે.

(કલાઇમેટ ચેન્જ-ગ્લોબલ વોર્મિંગ સંમેલન- જાન્યુ.૦૮)

# KNOW YOUR WATER

...Satish Shah

**ધરાનો ઘનરસ : (ઘનરસ એટલે પાણી)**

ધરતી ઉપરનું કુલ પાણી એટલે વાતાવરણમાં, ભૃપુષ્ઠ ઉપર અને ભૂગર્ભમાં નીચેનું પરિસ્થિતિ આધિન દ્રશ્ય અને અદ્રશ્ય સ્વરૂપે રહેલું પાણી.

પૃથ્વી ઉપરનું કુલ પાણી ૧૦૦% છે તે આંકડામાં આશરે ૧૩૬ કરોડ ઘન કી.મી. છે.

ખારૂં પાણી : ૧૩૨ કરોડ ઘન કી.મી.

મીઠું પાણી : ૪ કરોડ ઘન કી.મી.

(જેમાંથી કુલ વપરાશયુકત મીઠું પાણી ફકત ૦.૬૫% જ છે.)

વપરાશયુકત મીઠું પાણી ધરતી ઉપર તથા ધરતી અંદર છે તે.

- ૦.૦૧૩% ભુપૃષ્ઠ જળ.
- ૦.૦૦૬ % સપાટી સાથેનો છીછરો ભેજ.
- ૦.૩૧ % ૮૦૦ મીટર સુધીનું ભૂગર્ભ જળ.
- ૦.૩૧ % ૮૦૦ મીટર નીચેનું ભૂગર્ભ જળ.

એટલે કે ભૃપુષ્ઠ ઉપર દેખાતું મીઠું પાણી ફકત ૧.૦% છે. જયારે ભૂગર્ભ જળ ૨૨.૦% છે.

ધરતીના કુલ મીઠા પાણીની ઉપલબ્ધિમાં આજે ત્રણ વ્યકિતઓમાં બે વ્યકિતઓને સુરક્ષિત જળ ઉપલબ્ધ છે. જયારે સંપૂર્ણ મીઠા જળની ઉપલબ્ધિ તો દર પાંચ વ્યકિતઓમાં, એક જ વ્યકિતને છે.

**ભૂગર્ભનું જળ ભાથું :**

જમીન સપાટીથી નીચે ભૂગર્ભમાં ૧૬૦૦ મીટર સુધીમાં પાણીની સંગ્રહીત સ્થિતિ.

- ભેજ સ્વરૂપે વનસ્પતિને મળતું પાણી.
- ભૂગર્ભમાં વાતાવરણના દબાણમાં પરંતુ જથ્થા રહીત પાણી.

❖ કણોના પૃષ્ઠતાણ બળમાં પાણી.

❖ કણો વચ્ચે ગુરૂત્વાકર્ષણ છતાં ગતિ રહીત પાણી.

❖ કણોના જોડામાં સામૂહિક પૃષ્ઠતાણ આધારિત પાણી.

❖ ટીપા રહીત જથ્થામાં રહેલું પાણી.

❖ ઓછી ઉંડાઇએ વાતાવરણમાં દબાણ નીચે સપાટી ધરાવતું પાણી.

❖ બે અભેદ્ય પડ વચ્ચે દરના અંતરેથી જકડાયેલું સ્વયં દબાણમાં વહન થતું પાણી.

જે પાણીનો જથ્થો ૮૦૦ મીટર સુધીમાં કુલ મીઠા પાણીના ૧૧%ના પ્રમાણમાં છે.

જીવન ઉપયોગી ખનિજ કોલસો અને ખનિજ તેલ છે.

'પરંતુ'

જીવન જીવિત રાખવા અમૂલ્ય ખનિજ પાણી છે.

'સુરક્ષિત ભૂગર્ભ જળ, પર્યાય રહીત સ્વાસ્થ્ય જળ'

હાલની જળ સમસ્યાઓ જેવી તમામ પરિસ્થિતિ માનવસર્જીત છે. જેથી ૧૯મી સદીના અર્ધકાળ પછી કુદરતી ક્રમમાં અવિરત ફેરફાર દેખાયા છે. વરસાદી વિષમતા પણ પર્યાવરણની અસમતોલ, નિર્મિત વિષમ સ્થિતિના પરિણામે ઊભી થઇ છે.

સરળ સમજૂતી એવી કરાય છે કે, અવિવેકી પાણીના વપરાશથી પાણીનું બાષ્પિભવન અને સ્થળાંતર વધારે થયું છે.

**જળ બચાવ અભિયાન શા માટે ?**

❖ ભૂગર્ભ જળ ઉપલબ્ધિથી ૮૦૦ મીટર સુધીમાં ૦.૩૧ % જ છે. તેમાં પણ અડધી માત્રામાં સુરક્ષિત જળ છે.

❖ ભૂસ્તર રચના કુદરતે વિવિધ બનાવી છે. જેમાં ડાંગ જીલ્લામાં ૧% ભૂગર્ભ જળ ઉપાડ છે છતાં ઉનાળા માટે અછત ભોગવતો વિસ્તાર છે.

ગાંધીનગર જિલ્લો ૧૮૯% ભૂગર્ભ જળ ઉપાડ-વપરાશમાં મોખરે છે છતાં જરૂરિયાત સામે અછત વર્તાય છે.

❖ સંયુકત રાષ્ટ્રસંઘની ઉપાડ મર્યાદા ૪૦ %ની સાપેક્ષમાં ગુજરાતના ૨૧ જિલ્લા ભયમુકત નથી.

❖ ૧૬૬૦ કિલોમીટર લાંબા દરિયાકિનારાની ૩૨,૦૦૦ ચોરસ કિલોમીટર જમીનમાં દરિયાઇ ખારાશ આગળ વધી છે. આશરે ૨૦ કિલોમીટર સુધીની દરિયા કિનારાની જમીન સુધી ખરાશ પહોંચી છે.

❖ કચ્છ જીલ્લામાં ૩૦૦ મી.મી. (૧૨ ઇંચ) વરસાદ વર્ષના ૧૬ દિવસમાં પડે છે. જયારે ડાંગ જિલ્લામાં ૨૦૦૦ મી.મી. (૮૦ ઇંચ) વરસાદ પડે છે તેમ છતાં બંને જિલ્લાના ઘણા ગામો માટે ઉનાળામાં પાણીના ટેન્કર દોડાવવા પડે છે.

- છેલ્લા ૭૬ વર્ષમાં દુષ્કાળની પરિસ્થિતિ ૨૩ વખત આવી અને ગંભીર દુષ્કાળની પરિસ્થિતિ ૧૧ વખત આવી છે. તેથી દશકામાં ૩ થી ૪ વર્ષ પાણીની અછતના આવ્યા છે.
- છેલ્લા ૧૦૦ વર્ષના ઈતિહાસમાં વરસાદ ૭૦૦ મી.મી.ની નજીકની સરેરાશમાં ગુજરાતને મળ્યો છે. પરંતુ અનિયમિતતા, વિસ્તાર અને પ્રમાણ અનિશ્ચિત બની ગયા છે. અછત વ્યવસ્થા કપરી બની છે.
- ૨૫ જિલ્લાઓ પૈકીના ૨૪ જિલ્લાઓમાં મહત્તમ ભૂગર્ભ જળ ઉપાડથી જથ્થો ઘટ્યો, ઓછા-વધતા પ્રમાણમાં પાણીની ગુણવત્તા બગડી છે.
- ૮૦% રોગો પ્રદૂષિત જળથી થતા હોવાથી શુદ્ધ પાણી મેળવવા વરસાદી પાણીનો સંચય, સંગ્રહ અને રિચાર્જ કરવો આવશ્યક ને તાતી જરૂરિયાત છે.
- મહેસાણા જિલ્લામાં ભૂગર્ભ જળ ટરસીચરી, ગેસ અને ઓઇલના ઉપરના ભાગમાંથી જ મેળવી શકાય. જેની મર્યાદાઓ ઓળંગી શકાય નહીં. કચ્છ જિલ્લાના મર્યાદિત મીઠા પાણીના મધ્ય વિસ્તારમાં, મીઠા જળ ઉપલબ્ધિની ઉંડાઇની મર્યાદાઓનું ઉલ્લંઘન કટોકટી સર્જી શકે છે.
- વિશ્વ સંસ્થા 'યુનિસેફ'ના શ્વેતપત્રના તારણોમાં ૨૧મી સદીની શરૂઆતમાં કુલ પાણીની માંગ (૨૬ ઘન કી.મી.) સામે ૨૦૨૫માં પાણીની સંભવિત માગ (૫૩ ઘન કી. મી.) બનશે.

  જયારે તે સમયે નર્મદા જળ, પૃષ્ઠ જળ અને ભૂગર્ભ જળ મળી કુલ પ્રાપ્ત જળરાશિ (૪૧.૨૫ ઘન કી.મી.) હશે. તે સમયે ૧૧.૭૫ ઘન કી.મી.ના જળ જથ્થાની ખોટ પડશે.

ભવિષ્યના તારણો આપણી સામે છે ત્યારે જાગૃતિની એક જ દિશા ખુલ્લી છે અને તે છે વરસાદી જળનો ઘર આંગણે જળ સંગ્રહ.

'એકે બનાવી છે દુનિયા, બીજાએ બગાડી છે દુનિયા.'

**જળ બચાવનો મને ફાયદો :**

જળ બચાવ અને રિચાર્જ થવાથી વ્યકિતગત ફાયદો તો છે જ. તેના કરતાં પણ વધારે સામુહિક ફાયદો થવાનો છે. રિચાર્જ મારફતે ભૂથર્ભ ધરાવાથી સૌથી મોટો ફાયદો તો ભવિષ્યની અકુદરતી આફતમાંથી બચવાનો થશે.

- મેક્સિકો શહેરમાં ભૂગર્ભ જળના મર્યાદા ઉપાડથી ૧૯૩૮ના વર્ષે ૧૩૦ ચોરસ મીટરનો વિસ્તાર ૯ મીટર એટલે કે આશરે ૩૦ ફૂટ ધરતી બેસી જતાં, હવે ભૂગર્ભમાં જળ કટોકટી માટે જ શિખામણ મળતા શહેરને સુરક્ષિત કરવામાં આવ્યું છે. જાપાનની ટોકિયો અને ઓસાકા શહેરોમાં પણ અનુક્રમે ભૂગર્ભ જળના ઉલેચાઇ જવાથી ૧૯૨૦ અને ૧૯૨૮ના વર્ષે ૧૦ ફુટથી ૧૫ ફુટ સુધી ધરતી બેસી જવાની ઘટનાએ તંત્રને સજાગ કરી દીધું છે.

  અમેરિકાના સાંતાકલોશ અને સાન-જોકવીન પણ ભૂગર્ભ અવકાશી સ્થિતિએ જમીન ધસી જવાની ભૂતકાળની ઘટનામાંથી પસાર થયા છે.
- જમીન ઉપર સંગ્રહિત જળ જથ્થામાંથી ૪૦ % થી ૫૦% સુધી બાષ્પિભવન પાણી ગુમાવવું પડે છે. જે રિચાર્જ મારફતે જમીનમા ઉતારવાથી બમણી જળ બચત શકય બનશે.
- ભૂગર્ભ જળ બચાવથી સંગ્રહિત જથ્થામાં વધારો થશે, જેના કારણે પાણીના લેવલ ઉપર આવતાં વિજળીથી ચાલતા પંપોમાં મોટી વિજબચત થશે.

  કુદરતી વરસાદી પાણીની બચતથી રાષ્ટ્રની વિજ-સંપત્તિમાં બચત કરી શકાશે. જેની સીધી અસર વિજ ઉત્પાદન ખર્ચેની બચતમાં પરિણમશે.

  કુદરતી સંપતિ બચતથી રાષ્ટ્રિય સંપત્તિની બઢતીની દિશા ખૂલશે.

**જળ બચાવની રીતો :**

વરસાદી જળ સંચય, સંગ્રહ અને રિચાર્જ માટે મહત્વની ત્રણ પદ્ધતિ પૈકીની વિસ્તાર અને જરૂરિયાત અનુરૂપ વિવિધ રીતોનો અમલ કરી શકાય.

(૧) રૂઢિગત રીતો (૨) બિન-રૂઢિગત રીતો(૩) સ્થિતિ - સમરૂપ રીતો.

**કુદરતે આપેલા વરસાદનો ફાયદો :**

ગુજરાતની ધરતીનો વિસ્તાર આશરે ૧,૯૬,૦૦૦ ચોરસ કિલોમીટર પણ ગણીએ અને ઉંચાઇ તથા ઢોળાવ સપાટી વિસ્તારનો સમાવેશ કરતાં વરસાદી સંપર્ક વિસ્તાર આશરે તેનાથી ત્રણ ગણો થઇ શકે છે.

ગુજરાતનો આશરે વરસાદ ૭૧૧ મી. મી.નો અંદાજ છે. પરંતુ ૬ લાખ ચોરસ કિલોમીટર સપાટી ઉપરની ગણત્રી માટે ૫૦૦ મી. મી. (૦.૫) પણ લઇએ તો કુલ પાણી ૬ લાખ ચોરસ કિ. મી. = ૬ કરોડ હેકટર = ૬૦૦૦૦ કરોડ ઘ. મી.

૧ હેકટર વરસાદી જળની કિંમત = ૧૦,૦૦૦ રૂપિયા.

હવે જો ૭૦% થી ૭૫ % વરસાદી પાણી પણ

જયારે દરિયામાં તેમજ અન્યત્ર વહી જાય ત્યારે આશરે ૪૫૦ અબજ રૂપિયાના પાણીની કિંમતનું નુકશાન થાય, જે ખોટસહન થાય તેવી નથી.




**કુદરતિ અને કૃત્રિમ રિચાર્જ સરખામણી :**

સમુદ્રમાંથી વાદળ બની જમીન ઉપર વહેણ બને છે. વહેણ રૂપે નદીઓ પાણી દરિયામાં ઠાલવે છે.

માનવ વચ્ચે નથી આવતો માટે આ કુદરતી પ્રક્રિયા વર્ષોથી બનતી રહી છે.

વરસાદ જયારે આવે છે ત્યારે પોણા ભાગનું પાણી દરિયામાં વરસી ફકત ૨૫% જ જમીન ઉપર વાદળો વરસાદ લાવે છે.

જમીન ઉપર પડતા વરસાદમાંથી ૩.૭૫% વાતાવરણમાં જ શોષાય છે અને ૩.૭૫% જમીન ઉપરના વહેણમાંથી બાષ્પિભવનરૂપે ગુમાવીએ છીએ. વધેલા ૧૭.૫%માંથી જો માનવ પ્રયત્ને જળ રોકવામાં નથી આવતું ત્યારે ૧૦.૫ % વરસાદી જળ દરિયામાં ભળી જાય છે. વધેલા જળમાંથી કુદરતિ સંજોગોમાં ભુગર્ભ જળ રૂપે રીચાર્જ થાય છે. અને વનસ્પતિ તેના જરૂરિયાતનું મેળવી લે છે. કુદરત ૧૦૦% વરસાદનું નિર્માણ કરે ત્યારે ફકત ૫% જ ભુગર્ભ જળ રૂપે કુદરતી પરિસ્થિતિમાં મળે છે.

હવે પાણી રોકવામાં આવે ત્યારે ૩.૭૫% વાતાવરણમાં શોષાય અને સંગ્રહિત જળમાંથી ૬.૫૦% બાષ્પીભવનના કાઢી નાખતા સંગ્રહિત પૃષ્ઠજળનો રિચાર્જ જળનો એમ બંને ફાયદારૂપે આશરે ૧૫ % મળે છે.

જે સાબિત કરે છે કે સંચય, સંગ્રહ અને રિચાર્જની કોઇપણ પધ્ધતિ અપનાવવામાં આવે તો કુદરતી વહેતા વરસાદી જળ કરતાં ત્રણ ગણો એટલે કે ૫%ના ફાયદાને ૧૫ % બનાવી શકીએ છીએ.

રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે ' નવું પેદા થતું બાળક શ્રધ્ધા લઇ આવે છે, હવે આપણે આપણા પગ ઉપર કુહાડો ન મારીએ'

**ઘરની છતનો વરસાદ ઘરમાં :**

માનવ સહજ સ્વભાવ છે કે પહેલાં પોતાના લાભનું કંઇક મળે તેમ છે કે નહી તેનો વિચાર કરતો હોય છે. તેથી પોતાના ઘરમાં વરસાદી પાણીનો સંચય અને સંગ્રહ કરી તમો તમારા ઘરના તમામ સભ્યોનું સ્વાસ્થ્ય ભવિષ્ય ઘડી શકો છો.

(૧) વરસાદી શુદ્ધ નીર, જીવન ચલાવે સ્થિર

(૨) સ્વાસ્થ્ય પોતાના હાથે, વરસાદી જળ સાથે

(૩) આપ સમાન બળ નહી, મેઘ સમાન જળ નહી

(૪) વર્ષાના પાણી જીવથી સાચવો, જમીનમાં વાળી નળમાં જાળવો.

(૫) ઘર સજળ, એ જ સબળ

**છતના વરસાદી જળના ફાયદા**

(૧) શહેરીકરણના વિકાસને લીધે વરસાદી જળનો કુદરતી રિચાર્જ સંભવિત જ નથી, ત્યારે છતના વરસાદી પાણીનો સંગ્રહ એ સુયોગ્ય વિકલ્પ છે. વધારાના વરસાદી પાણીના રીચાર્જ માટે પણ ઓછી જગ્યાનો વપરાશ સંભવિત છે.

(૨) વરસાદી જળ ગટર લાઇનના જોડાણમાં વહેશે અથવા વાવાઝોડાની કુડીઓ મારફતે વહી જશે. જેને બચાવી ઉપયોગાં લઇ શકાય.

(૩) બાંધકામની ગીચતામાં પુરની સ્થિતિ નિવારી શકાશે અને ભુગર્ભ જળમાં વધારો કરી શકાશે.

(૪) વરસાદી જળ સુપાચ્ય હોવાથી અને જીવાણું મુકત હોવાથી આરોગ્ય પ્રદ છે.

(૫) ફલોરાઇડ અને નાઇટ્રેટવાળા વિસ્તારમાં પીવાનું શુધ્ધ પાણી પુરૂ પાડે છે તથા રિચાર્જથી ભૂગર્ભ જળમાં તેની માત્રામાં ઘટાડો કરે છે.

(૬) વરસાદી જળનો વિશેષ ફાયદો છે કે તે જરૂરિયાતવાળી જગ્યાએ સંગ્રહ કરવામાં આવે છે અને જરૂરિયાત સમયે માંગ મુજબ ઉપયોગમાં લઇ શકાય છે.

(૭) છત વરસાદી જળની સંગ્રહ રચના સાદી અને ઓછી ખર્ચાળ છે જેને માર્કેટના શુધ્ધ જળના સાપેક્ષમાં મફત સ્વાસ્થ્યની ચાવી સાથે ગણાવી શકો છો.

(૮) દરિયાકાંઠાના ગામો માટે આ પદ્ધતિથી અમૃત મેળવવા સમાન ઉપલબ્ધિ છે.

(૯) ભુગર્ભ જળની ગુણવત્તામાં સુધારો કરે છે અને જૈવિક અશુદ્ધિ ભળવાથી બિનપીવાલાયક બનેલા પાણીને સુધારે છે.

(૧૦) માટીના વિસ્તારમાં ભેજનું પાણી જાળવી રાખી તિરાડો પડતી અટકાવે છે તેથી મકાનના પાયા સુરક્ષિત રહે છે.

(ગુજરાત જલસેવા તાલીમ સંસ્થાના સૌજન્યથી)

# વિજ્ઞાન ક્વિઝ

(૧) ફીનોલ્ફથેલીન સૂચકનો ઉપયોગ કયા પ્રયોગમાં કરવામાં આવે છે ?

(૨) ચંદ્ર પર સૌ પ્રથમ ઉતરણ કરનાર માનવી કયો હતો ?

(૩) કિડનીની રચનામાં કોથળી જેવી સંરચનાને કયા નામે ઓળખાય છે ?

(૪) ગાજરમાં મુખ્ય તત્વ કયું છે ?

(૫) મેગ્લેવ ટ્રેનની ઝડપ કેટલી છે ?

(૬) આધારબિંદુની આસપાસ મુકતપણે ફરી શકે તેવા મજબૂત દંડને શું કહેવાય ?

(૭) ક્રોમિયમ, આર્યન અને નિકલની મિશ્રધાતુ કંઇ છે ?

(૮) સફેદ રંગના ઘટક રંગોમાંથી કયા રંગના પ્રકાશનું વક્રીભવન મહતમ હોય છે ?

(૯) પિતરંજકદ્રવ્યોના જમા થવાના કારણે કયો રોગ થાય છે ?

(૧૦) $N_2O_5$ કોનું અણુસુત્ર છે ?

(૧૧) થર્મોસેટીંગ પ્લાસ્ટિક કે જે સામાન્ય રીતે વાસણો (ડીનર સેટસ) બનાવવામાં વપરાય છે, તેને કયું પ્લાસ્ટિક કહેવાય છે ?

(૧૨) દહીમાં કયો એસીડ હાજર છે ?

(૧૩) આર્ગોન કેવા પ્રકારનો વાયુ છે ?

(૧૪) બુધ ગ્રહની કક્ષાની ત્રિજ્યા પૃથ્વીની કક્ષાની ત્રિજ્યા કરતાં મોટી છે, સાચું કે ખોટું ?

(૧૫) પ્રોટીનના વિવિધ ઘટક એકમો કયા નામે ઓળખાય છે ?

(૧૬) પેટ્રો રસાયણમાં દ્રાવક તરીકે શું વપરાય છે ?

(૧૭) જે વ્યકિતના આહારમાં મકાઇ મુખ્ય હોય તો તેવી વ્યકિતઓમાં કયો રોગ થવાની સંભાવના રહે છે ?

(૧૮) અણુ વિસ્ફોટકના પ્રયોગો દરમ્યાન ફેલાતા કિરણો - વિકિરણનું માપન શેમાં કરવામાં આવે છે ?

(૧૯) રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજણવી કયા વૈજ્ઞાનિકે આપેલા નોંધપાત્ર ફાળાની યાદમાં કરવામાં આવે છે.

(૨૦) આપના કયા કાંડા પર આંગળીઓ મૂકીને આપણે નસના ધબકાર અનુભવી શકીએ છીએ ?

(૨૧) નાઇટ્રોજન ઓકિસજનની હાજરીમાં સળગે છે ત્યારે શું બનાવે છે ?

(૨૨) આવર્ત કોષ્ટકમાં K શેની સંજ્ઞા છે ?

(૨૩) પૃથ્વીની ઉંમર અંદાજવા કઇ પદ્ધતિ ઉપયોગ કરવામાં આવે છે ?

(૨૪) ઓર્થોપેડિક સર્જરીમાં જીપ્સમ (ચિરોડી)માંથી બનતા કયા પદાર્થનો ઉપયોગ કરવામાં આવે છે ?

(૨૫) એક ગ્રામમાં કેટલા મિલીગ્રામ થાય ?

(૨૬) કેલિડોસ્કોપની રચનામાં ત્રણેય અરીસા કેટલા અંશના ખૂણે ગોઠવોલા હોય છે ?

(૨૭) પાણી સંયોજન છે કે મિશ્રણ ?

(૨૮) એસિટિક એસિડને સામાન્ય રીતે કયા નામે ઓળખવામાં આવે છે ?

(૨૯) અસમાન વિદ્યુતભારો વચ્ચે શું થાય છે ?

(૩૦) કયા પ્રકારની પ્રક્રિયા દરમિયાન ગરમી (ઉષ્મા) છૂટી પડે છે ?

(૩૧) રોકેટ ન્યુટનના ....નિયમ પ્રમાણે કાર્ય કરે છે ?

(૩૨) રકતકણોમાં હીમોગ્લોબીન ઓછું હોય તો કયો રોગ થઇ શકે છે ?

(૩૩) જીવાણું (બેકટેરિયા) મીઠાનાં દ્રાવણમાં વિકસી શકતા નથી તેનું કારણ શું છે ?

(૩૪) ECGનું પુરૂ નામ શું છે

(૩૫) સૂર્યપ્રકાશ તાપમાન સામેના રક્ષણ માટેના સાધનો બનાવવા કયા પ્રકારના કાચનો ઉપયોગ કરવામાં આવે છે ?

(૩૬) વક્રઅરીસાની કેન્દ્ર લંબાઇ વક્રતાત્રિજયાની સરખામણી કેટલી હોય છે ?

(૩૭) ખોરાકમાં આયોડીનની અછતના કારણે ક્યો રોગ થાય છે ?

(૩૮) કયા પ્રકારના રેસાનો ઉપયોગ શરીરની અંતઃરચનાની તપાસ માટે વપરાતા એન્ડો સ્કોપની સંરચનામાં કરવામાં આવે છે ?

(૩૯) વિદ્યુત અવાહકો બીજા કયા નામે ઓળખાય છે ?

(૪૦) કુદરતના ફોસ્ફરસના અણુમાં કેટલા પરમાણુઓ રહેલા છે.

(૪૧) જ્યારે પ્રકાશના સમાંતર કિરણો ખરબચડી સપાટી પર આપાત થાય છે અને પરાવર્તન પામે છે. ત્યારે તેવા પરાવર્તનને શું કહે છે ?

(૪૨) કયા અરીસાનો ઉપયોગ વાહનોના સાઇડ ગ્લાસ તરીકે થાય છે ?

(૪૩) વાતાવરણનું દબાણ માપવા કયા સાધનનો ઉપયોગ થાય છે.

(૪૪) પાકના છોડ સિવાય ઉગી નીકળતી બિનજરૂરી વનસ્પતિને આપણે કયા નામે ઓળખીએ છીએ ?

(૪૫) આહારકડીનાં બીજીપોષક શ્રેણીમાં કોણ આવે છે ?

(૪૬) એરિથ્રોસાઇટસ નામના રૂધિરના કણોને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

---

**જવાબો :** (૧) તટસ્થીકરણ (૨) નીલ આર્મસ્ટ્રોંગ (૩) બાઉમેન કેપ્સ્યુલ (૪) કેરોટીન (૫) ૫૦૦ કી.મી. /કલાક (૬) ઉચ્ચાલન (૭) સ્ટેનલેસ સ્ટીલ (૮) જાંબલી (૯) કમળો /જોન્ડીસ (૧૦) નાઇટ્રોજન પેન્ટોક્સાઇડ (૧૧) મેલેમાઇન (૧૨) લેક્ટિક એસિડ (૧૩) ઉમદા (૧૪) ખોટું (૧૫) એમિનો એસિડ (૧૬) નેપ્થા (૧૭) પેલાગ્રા (૧૮) રોન્જન (૧૯) ડો.સી.વી. રામન (૨૦) ડાબા (૨૧) નાઇટ્રોજન પેન્ટોકસાઇડ (નાઇટ્રોજન ઓકસાઇડસ) (૨૨) પોટેશિયમ (૨૩) રેડીયો મેટ્રીક ડેટિંગ પધ્ધતિ (૨૪) પ્લાસ્ટર ઓફ પેરિસ (૨૫) ૧૦૦૦ (૨૬) ૬૦° (૨૭) સંયોજન (૨૮) વિનેગર (૨૯) આકર્ષણ (૩૦) દહનક્રિયા (કમ્બન્શન) (૩૧) ત્રીજા (૩૨) પાંડુરોગ (૩૩) ઓસ્મોટિક પ્રેશર (૩૪) ઇલેકટ્રોન કાર્ડિયોગ્રામ (૩૫) ફોટોક્રોમિક કાચ (૩૬) અડધી (૩૭) ગોઇટર (૩૮) ઓપ્ટીકલ ફાઇબર / પ્રકાશય રેસા (૩૯) ઇન્સ્યુલેટર (૪૦) ૪ P4 (૪૧) અનિયમિત પરાવર્તન (૪૨) બહિંગોળ અરીસાનો (૪૩) બેરોમીટર (૪૪) નિંદણ (૪૫) તૃણાહારી (૪૬) રકતકણો

## Climate Change – Question and Answer

**Q.1. Why is Greenhouse Gases Important?**

A.1 Greenhouse Gases found in the atmosphere, cover the Earth like a blanket. Although a high concentration of these gases is harmful for the environment, if it were not for greenhouse gases, our planet would have been about thirty three degrees Celsius colder than it is now.

---

**Q.2. which fossil fuels emit the largest quantities of Sulphur Dioxide gas?**

A.2 Coal and Oil emit the largest quantities sulphur dioxide ($SO_2$) gas. Both these fossil fuels contain large quantities of sulphur, which on burning releases sulphur dioxide into the air. Did you know that 65% of the annual emissions come from electric utilities that burn coal?

---

**Q.3 which two gases have the largest share in the pool of emitted Greenhouse Gases?**

A.3 Of all the Greenhouse gases emitted in to the atmosphere, carbon dioxide ($CO_2$) and methane are in the largest concentration. Together, they make up nearly 90% of greenhouse emissions. Of this, 76% is $CO_2$ alone.

---

**Q.4 Which cereal crop, planted in ankle-deep water, emits large quantities of the Greenhouse Gas Methane?**

A.4. This crop is rice. Flooded rice cultivation produces Methane gas by the fermentation of the organic matter in the soil. The gas is released from submerged soils through the roots and stems of rice plants. Methane is a major greenhouse gas and can lead to more rapid global warming than carbon dioxide.

---

**Q.5. What are CFCs?**

A.5. CFCs, or chlorofluorocarbons, are chemical compounds that contain chlorine, fluorine, and carbon. These are artificially created, very strong greenhouse gases. Although these are non-polluting and safe to use, CFCs contribute very significantly to ozone depletion. CFCs are released from aerosol sprays, refrigerants, and the production of foams.

# આપણી પૃથ્વી (EARTH)

આપણે જાણીએ છીએ કે આપણા સૂર્યમંડળમાં સૂર્ય એ એક મધ્યમ કદનો તારો છે અને તેની આસપાસ આઠ ગ્રહો, લઘુગ્રહો પોતાની નિશ્ચિત કક્ષામાં ફરે છે...આ બધા... પદાર્થોમાંથી પૃથ્વી જ એક એવો ગ્રહ છે કે જેની પર સજીવ...સૃષ્ટિ.... વિકસેલી છે.

પૃથ્વીનો વિષુવવૃત્તીય વ્યાસ આશરે ૧૨૭૫૬ કિલોમીટર છે. પૃથ્વી ધ્રુવો પાસેથી ચપટી અને વિષુવવૃત્ત પાસેથી સહેજ ઉપસેલી છે. આ પરથી કહી શકાય કે પૃથ્વીનો વ્યાસ બધી જ જગ્યાએથી સરખો નથી પૃથ્વી પોતાની ધરી પર ૨૩ કલાક અને ૫૬ મિનિટમાં એક ધરી ભ્રમણ પુરૂં કરે છે, જયારે સૂર્યની આસપાસ પરિક્રમણનો સમય ૩૬૫.૨૫ દિવસ છે.

પૃથ્વીની ધરી ૨૨.૫°ના ખૂણે નમેલી છે. પૃથ્વી પોતાની ધરી પર ફરતી હોવાથી પૃથ્વી પર રાત અને દિવસ થાય છે. પૃથ્વીનો જે ભાગ સૂર્યની સામે હોય, તે ભાગમાં દિવસ અને જે ભાગ સૂર્યની વિરૂધ્ધ દિશામાં હોય ત્યાં રાત હોય છે.

પૃથ્વી પર કાલ્પનીક કર્કવૃત્ત, વિષુવવૃત્ત અને મકરવૃત્ત કલ્પવામાં આવ્યા છે. વિષુવવૃત્ત એ ગોલકનો (પૃથ્વીનો) સૌથી મોટો પરીઘ છે. વિષુવવૃત્ત પર સૂર્યનાં કિરણો સીધા પડે છે. જયારે કર્કવૃત્ત અને મકરવૃત્ત પર આ કિરણો ત્રાંસા પડે છે. તેથી વિષુવવૃત્તની આજુબાજુના વિસ્તારમાં સૂર્યની ગરમી ખુબ જ લાગે છે અને જેમ વિષુવવૃત્તથી દૂર જાય તેમ તેમ ગરમી ઘટવા લાગે છે.

પૃથ્વી મુખ્ય ચાર સ્તરોની બનેલી છે. જેમાં સૌથી અંદરના ભાગનું (કેન્દ્ર)નું તાપમાન ખૂબ જ ઊંચુ હોય છે. જેમ કેન્દ્રથી દૂર થઇને તેમ તાપમાન ક્રમશઃ ઘટતું જાય છે. પૃથ્વીનાં સૌથી ઉપરના સ્તર કે જયાં સજીવ સૃષ્ટિ છે તેની જાડાઇ આશરે ૩૫-૪૦ કિ.મી.ની છે. પૃથ્વીની સપાટી પર ઘણી જગ્યાએ ખાડા-ટેકરા આવેલા હોય છે. તેથી આ સ્તરની જાડાઇમાં થોડો ઘણો તફાવત રહે છે.

પૃથ્વીની સપાટી પર આશરે ૭૫% ભાગમાં પાણી અને ૨૫% ભાગમાં જમીન આવેલી છે. પાણીનો ભાગ મુખ્યત્વે પાંચ મોટા મહાસાગરથી બનેલો છે અને બીજા નાના સમુદ્રો, નદીઓ, તળાવ વગેરે આવેલા છે. જયારે જમીનનો ભાગ મુખ્યત્વે સાત ખંડોથી બનેલો છે. આ સિવાય ઘણાં ટાપુઓ પણ આવેલા છે.

પૃથ્વી પર દરેક જગ્યાએ ભૌતિક પરિસ્થિતિઓ જુદી જુદી હોય છે. જેમકે કોઇક જગ્યાએ રણ હોય, નદી, પહાડ, ખીણ, જંગલ, વગેરે જેવી પરિસ્થિતિઓ હોય છે. પૃથ્વીના આકારને લીધે અને આ બધી પરિસ્થિતિઓને લીધે દરેક જગ્યાએ તાપમાન અલગ - અલગ હોય છે. તેથી પૃથ્વીનું સરેરાશ તાપમાન નક્કી કરવામાં આવ્યું છે. કે જે ૧૫°C જેટલું છે.

પૃથ્વીની સપાટીથી ઉપરના ભાગને વાતાવરણ કહે છે. આ વાતાવરણ વિવિધ સ્તરોનું બનેલું છે. પૃથ્વીનું વાતાવરણ ૮૦ કિ.મી.ની ઊંચાઇ સુધી વિસ્તરેલું છે. આ વાતાવરણ મુખ્યત્વે જલાવરણ, મૃદાવરણ, વાતાવરણ જેવા ભાગોમાં વિભાજીત થાય છે. આ વાતાવરણમાં વાયુઓ, ધૂળના રજકણો, આયનીકરણ થયેલા પરમાણુઓ, પાણીની નાની બુંદો વગેરે આવેલા હોય છે. વાયુમાં સૌથી વધુ પ્રમાણ નાઇટ્રોજનનું છે કે જે ૭૮ ટકા જેટલું હોય છે. ૨૧ ટકા ઓકિસજન વાયુ, ૦.૦૩ ટકા કાર્બન ડાયોકસાઇડ વાયુ અને બાકીના ભાગમાં અન્ય વાયુઓ આવેલા છે.

પૃથ્વીને એક કુદરતી ઉપગ્રહ છે. જેને આપણે ચંદ્ર તરીકે ઓળખીએ છીએ. ચંદ્રને પૃથ્વી પરથી જોતા તે વિવિધ કળાઓ દર્શાવે છે. ચંદ્રનો પરિક્રમણ અને પરિભ્રમણનો સમય એક સરખો છે. તેને કોઇપણ પ્રકારનું વાતાવરણ નથી. તેથી તેની સપાટી પર નાના-મોટા ખાડાઓ જોવા મળે છે કે જેને 'ક્રૂટર્સ' કહેવામાં આવે છે. આ ખાડાઓ ઉલ્કાઓના અથડાવવાથી અથવા જવાળામુખી હોવાથી થાય છે. પૃથ્વી પર આવા ખાડાઓ જોવા મળતા નથી. કારણ કે પૃથ્વી ઘટ્ટ વાતાવરણ ધરાવે છે. ઉલ્કાઓ જયારે આ વાતાવરણના સંપર્કમાં આવે છે ત્યારે વાતાવરણ અને ઉલ્કા વચ્ચેના ઘર્ષણને કારણે સળગી ઊઠે છે અને તેની રાખ થઇ જાય છે. આ સળગતી ઉલ્કા આપણે પૃથ્વી પર 'ખરતા તારા' સ્વરૂપે દેખાય છે.

પૃથ્વી પર જ માત્ર સજીવ સૃષ્ટિ વિકસેલી છે. બીજા ગ્રહો પર હજી સુધી તેના અસ્તિત્વના પુરાવા મળ્યા નથી. પૃથ્વી પર વસતા સજીવો, ખાસ કરીને માનવોની જરૂરિયાતો દિવસે -દિવસે વધતી જાય છે. અવનવા યંત્રો અને વાહનોનો ઝડપથી વધારો થઇ રહ્યો છે. જેથી પૃથ્વીના પેટાળમાં રહેલ ઊર્જા સ્ત્રોતો જેવા કે પેટ્રોલીયમ્યસ, કોલોસો, લાકડુ, વગેરેનો ઉપયોગ વધતો જાય છે. જેથી વાતાવરણમાં રહેલ કાર્બન

ડાયોકસાઇડનું પ્રમાણ વધતું જાય છે. જેથી ગરમીનું પ્રમાણ વધે છે. જેને લીધે ધ્રુવો પર રહેલો બરફ ધીમે ધીમે પીગળી તો જાય છે અને દરિયાની સપાટી ઉપર આવી રહી છે. સજીવ સૃષ્ટિના અસ્તિત્વ પર મોટો ભય ભમી રહ્યો છે. જેને 'ગ્રીન હાઉસ ઈફેકટ' (GREEN HOUSE EFFECT) કહે છે. અને તેનું પ્રમાણ વધી રહ્યું છે.

